**ઓડિટ અને ઇન્સ્પેક્શન: બેંક માટે વિશ્વાસ, શિસ્ત અને જોખમ ના આધાર સ્તંભ**

બેંકિંગ વ્યવસ્થાનું પાયો વિશ્વાસ પર ટકેલો છે. લાખો લોકો પોતાની બચત બેંકમાં રાખે છે કારણ કે તેમને વિશ્વાસ હોય છે કે બેંક તેમની સંપત્તિ સુરક્ષિત રાખશે. પરંતુ આ વિશ્વાસનો આધાર માત્ર નિયમો અને ટેક્નોલોજી નથી—પણ એક મજબૂત **ઓડિટ અને ઇન્સ્પેક્શન પ્રણાલી** છે. બેંકનું ઓડિટ વિભાગ એ તેની "Watch Dog Machinery" કહેવાય છે: હંમેશા સતર્ક, નિષ્ઠાવાન અને જોખમ સામે સુરક્ષા આપતું.

આ લેખમાં બેંકિંગ ઓડિટનું મહત્વ, ઓડિટરના લક્ષણો, મોટા ફ્રોડના ઉદાહરણો, RBI ની ટકોર, ઘોષ સમિતિની ભલામણો, કોન્કરન્ટ ઓડિટ, IS Audit અને RBI inspectionsમાં જોવા મળેલા મુખ્ય અભાવ જેવા મુદ્દાઓનો વિગતવાર ઉલ્લેખ છે.

**1. ઓડિટ: બેંકની સુરક્ષા વ્યવસ્થાનો મુખ્ય સ્તંભ**

ઓડિટનો મુખ્ય હેતુ બેંકની આંતરિક નિયંત્રણ પદ્ધતિઓને મજબૂત બનાવવો અને જોખમો સમયસર ઓળખવા છે. બેંકના દૈનિક વ્યવહારો, લોન મોનિટરિંગ, નિયંત્રણ રિટર્ન્સ, રોકાણ વ્યવહાર, કેશ મેનેજમેન્ટ વગેરે તમામ કાર્યમાં પારદર્શિતા જાળવવામાં ઓડિટ વિભાગની ભૂમિકા વિશાળ છે.

**ઓડિટરની મૂળભૂત લાયકાતો**

- પૂર્વગ્રહ રાખ્યા વિના તપાસ
- દરેક કેસને નવો કેસ માની તપાસ
- શાખાની કામગીરી અને સ્ટાફ વિશે સંપૂર્ણ માહિતી
- નિયમોની ઊંડી સમજ
- પ્રશ્નો પૂછવાની ટેવ અને વિશ્લેષણ કરવાની ક્ષમતા
- શંકાસ્પદ વ્યવહારની ઓળખ (જેમ કે સતત રજા ન લેતા કર્મચારી, અચાનક વધેલ ટ્રાન્ઝેક્શન)

સારા ઓડિટર પાસે તર્કશક્તિ સાથે નિષ્ણાતી, સંતુલિત શંકાશીલતા અને મજબૂત દસ્તાવેજ ચકાસણીની આવશ્યકતા છે.

**2. બેંકોમાં થયેલા મોટા ફ્રોડ અને ઓડિટની નિષ્ફળતા**

ભારતના બેંકોમાં સમયાંતરે અનેક મોટા ફ્રોડ બહાર આવ્યા છે—PMC બેંક, મધવપુરા મર્કેન્ટાઇલ બેંક (MMCB) જેવા કિસ્સા.

**મધવપુરા મર્કેન્ટાઇલ બેંક ફ્રોડ**

MMCB એક મોટું અર્બન કો-ઓપરેટિવ બેંક હતી. પરંતુ નિયમ વિરુદ્ધ સ્ટોક બ્રોકરોને ₹1,200 કરોડના પે ઑર્ડર આપવામાં આવ્યા, જે પછી માર્કેટ ક્રેશ થતા પરત ન થયા. બેંકના અધ્યક્ષના પુત્રનાં ખાનગી નુકસાનને પણ બેંકના ફંડમાંથી ભરપાઈ કરી આપવામાં આવ્યું. ફ્રોડ એટલો મોટો હતો કે RBI એ બેંક પર નિયંત્રણ લાદવું પડ્યું.

આ તમામ ગેરરીતિઓ લાંબા સમય સુધી છુપાયેલી રહી—કારણ કે ઓડિટ વિભાગે સમયસર અવાજ ઉઠાવ્યો નહોતો.

**શું કારણે ઓડિટ નિષ્ફળ થયું?**

- નોન-ફંડ બેઝ્ડ બિઝનેસ વિશે અજ્ઞાન
- ગેરરીતિઓ શોધવામાં નિપુણતાનો અભાવ
- લોન મોનિટરિંગ પર ધ્યાનનો અભાવ
- રેકોર્ડ્સ અને ગેરંટી લિમિટોની અવગણના
- MIS અને શાખા નિયંત્રણ સિસ્ટમની ખામી
  આ કૌભાંડો બતાવે છે કે ઓડિટ તંત્ર નબળું હોય તો સૌથી મજબૂત બેંક પણ ધરાશાયી થઈ શકે છે.

**3. RBI તરફથી ઓડિટ પર કડક ટકોર**

RBI એ અનેક રિપોર્ટમાં નોંધ્યું છે કે ઘણી બેંકોમાં આંતરિક ઓડિટ સિસ્ટમ અસરકારક નથી.

**RBI અનુસાર દેખાયેલા મુખ્ય અભાવ**

- Improper credit appraisal
- લોનની શરતોનું પાલન કર્યા વગર વિતરણ
- મોનિટરિંગનો અભાવ
- unauthorized overdraft અને kite flying જેવી ગેરરીતિઓ
- internal inspectors દ્વારા head office ની ભૂલોને અવગણવી
- કર્મચારીઓને યોગ્ય તાલીમ ન આપવી
  આવો અભાવ બેંકની સલામતીને સીધી અસર કરે છે.

**4. ઘોષ સમિતિની મહત્વપૂર્ણ ભલામણો**

ફ્રોડ અટકાવવા માટે ઘોષ સમિતિએ કેટલીક પ્રણાલિકાત્મક ભલામણો કરી હતી.

**મુખ્ય ભલામણો**

1. ઓડિટ વિભાગનું નેતૃત્વ સિનિયર, અનુભવી અને ઈમાનદાર અધિકારી પાસે હોવું જોઈએ.
2. ઓડિટ વિભાગમાં ઓછામાં ઓછા ત્રણ વર્ષની સેવા પછી જ ઉચ્ચ પ્રમોશન.
3. દરેક શાખાનું Surprise Audit—વર્ષમાં ઓછામાં ઓછું એક વખત.
4. ક્રેડિટ પ્રપોઝલ, inter-branch reconciliation, clearing settlement વગેરેની ઊંડાણપૂર્વક તપાસ.
5. Off-balance sheet itemsની ખાસ ચકાસણી.
6. Dead Stock અને stationery નો સચોટ રેકોર્ડ રાખવો.
   આ ભલામણો નું પાલન દરેક બેંકે કરવું જરૂરી છે

**5. કોન્કરન્ટ ઓડિટ: બેંકનું Early Warning System**

કોન્કરન્ટ ઓડિટનો હેતુ છે—**લાપરવાઈ કે ગેરરીતિને તરત ઓળખવી અને રોકવી**.

**કોન્કરન્ટ ઓડિટના મુખ્ય ફાયદા**

- દૈનિક વ્યવહારોની સતત દેખરેખ
- હાઈ રિસ્ક ખાતાઓની વિશેષ ચકાસણી
- રોકાણ વ્યવહારની રિયલ-ટાઇમ દેખરેખ
- Fraud અને revenue leakage અટકાવવા પૂર્વે ઓળખ
- મેનેજમેન્ટને સમયસર રિપોર્ટિંગ
  બોર્ડે દર વર્ષે કોન્કરન્ટ ઓડિટની કાર્યક્ષમતાનો રીવ્યુ કરવો આવશ્યક છે.

**6. IS Audit: ટેક્નોલોજીના યુગનું અનિવાર્ય ઓડિટ**

બેંકિંગ સેવાઓમાં ડિજિટલાઈઝેશન વધતા, cyber risks પણ વધી રહ્યા છે. તેથી IS Audit અનિવાર્ય છે.

**IS Auditના મુખ્ય મુદ્દા**

- critical branches નું annual audit
- statutory audit પહેલાં IS audit પૂર્ણ કરવું

- બોર્ડ સમક્ષ રિપોર્ટ રજૂ કરી સમયસર સુધારા
- CBS, security controls, passwords, access rights વગેરેની ચકાસણી

**7. RBI inspectionsમાં જોવા મળેલી સામાન્ય ખામીઓ**

RBI તપાસમાં ઘણી બેંકોમાં નીચેની ગંભીર **ખામીઓ** પ્રકાશમાં આવી:

- ઓડિટ surprise nature નો ન હોવો
- control returns ની તપાસ ન કરવી
- Prudential normsનું પાલન ન કરવું
- stationery/dead stock નો રેકોર્ડ ન હોવો
- credit portfolio audit ન થવો
- investments નું audit ના કરવું
- concurrent auditors દ્વારા investment certificate ન આપવું
- IS audit ને પ્રાથમિકતા ન આપવી
- audit committee નું ધારણા મુજબ કામ ના કરવું
  આ ખામીઓ બેંકના આંતરિક તંત્રની નબળાઈ સ્પષ્ટ કરે છે.

**8. નિષ્કર્ષ: અસરકારક ઓડિટ – મજબૂત બેંકિંગનો માર્ગ**

આજના નાણાકીય પરિવર્તનશીલ બેંકિંગ યુગમાં ઓડિટ માત્ર તપાસનું સાધન નથી—પણ બેંકના નાણાકીય સ્વાસ્થ્યનું મુખ્ય સૂચક છે.

**અસરકારક** ઓડિટ:

- જોખમનું નિયંત્રણ કરશે
- ગ્રાહકોનો વિશ્વાસ મજબૂત કરશે
- ફ્રોડ અટકાવશે
- બેંકની કામગીરીને પારદર્શક બનાવશે

- નિયમોનું પાલન સુનિશ્ચિત કરશે, જેથી બેન્ક માટે કોમ્પ્લાયન્સ નું જોખમ ઘટશે.
- ટેક્નોલોજી, કડક નિયમો અને પ્રોફેશનલ ઓડિટ સ્ટાફ—આ ત્રણ મુખ્ય આધાર/બેઝ પર ટકેલી ઓડિટ પ્રણાલી બેંકને સાચા અર્થમાં સુરક્ષિત અને વિશ્વસનીય બનાવશે

.